**નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી**
બ્લોક નં. ૧૯, ડૉ.જીવરાજ મહેતા ભવન
ભોયતળીયે, ગાંધીનગર
Phone no. : 079 232-56309
Fax no. : 079 232-56308
Email : dir-sd@gujarat.gov.in

---

**નં. નવપ/૦૮-૦૯/૬૧૦૭** **તા.૧૫/૬/૨૦૦૮**

**પ્રતિ,**

(૧) કલેક્ટરશ્રી, તમામ
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
(૩) મ્યુ. કમિશ્નરશ્રી, મ્યુ. કોર્પોરેશન તમામ
(૪) પ્રાન્ત ઓફિસરશ્રી, તમામ
(૫) નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તમામ
(૬) ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા, તમામ
(૭) અધિક્ષકશ્રી, સામુહિક આરોગ્ય કેન્દ્ર, તમામ

**વિષય:- કોમ્પ્યુનિટિ હેલ્થ સેન્ટરમાંથી વૃધ્ધ સહાય યોજનાનો લાભ મેળવવા ઉંમરના દાખલા કાઢી આપવા મંજૂરી બાબત.**

૧) સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧-૪-૦૮ના ઠરાવથી ઇન્દિરાગાંધી નેશનલ ઓલ્ડ એઇજ પેન્શન સ્કીમ હેઠળ ૬૫ વર્ષ થી વધુ વયના ગરીબી રેખા હેઠળ જીવતા વૃધ્ધ વ્યક્તિઓને લાભ આપવા તા.૧-૪-૦૮ થી નક્કી કરવામાં આવેલ છે. આવી વ્યક્તિઓને ઉંમરના દાખલા મેળવવામાં સરળતા રહે તે હેતુથી સામુહિક આરોગ્ય કેન્દ્ર (સી.એચ.સી.) ના અધિક્ષકશ્રીઓને આ યોજના પુરતો ઉંમરનો દાખલો હોસ્પિટલ કક્ષાએ અન્ય બે સીનીયર મેડિકલ ઓફિસરની કમિટિ રચીને આવા દાખલા આપવા માટે અધિકૃત કરેલ છે.

૨) જે અંગેનો કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (તબીબી વિભાગ) ગાંધીનગરનો તા.૨૯-૫-૦૮નો પરિપત્ર ક્રમાંક: ડી-૧/વૃધ્ધ સહાય/યોજના/૦૮ ની નકલ સામેલ કરી મોકલી આપવામાં આવે છે. જે પરિપત્ર અન્વયે સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષકશ્રીએ આપેલ ઉંમરના પ્રમાણપત્રના આધારે યોજનાનો લાભ અરજદાર ના ઉંમરના પુરાવા આધાર તરીકે મળવા જરૂરી થવા વિનંતી છે.

**નિયામક**
**સમાજ સુરક્ષા, ગાંધીનગર**

**બિડાણ:-**

કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (તબીબી વિભાગ) ગાંધીનગરનો તા.૨૯-૫-૦૮નો પરિપત્ર

પરિપત્ર
જરૂરી

ક્રમાંક:ડી-૧/વૃધ્ધ સહાય/યોજના/૦૮
કમિશ્નર, આરોગ્ય સેવાઓ (તબીબી વિભાગ)
૫,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
તા. ૨૯/૫/૨૦૦૮

વિષય- કોમ્યુનીટી હેલ્થ સેન્ટર માંથી વૃધ્ધ સહાય યોજનાનો લાભ મેળવવા ઉંમરના દાખલા કાઢી આપવા મંજુરી બાબત
સંદર્ભ- નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતાની કચેરીના પત્ર નં સસુખા/નવપ/આઇજીએનઓએપીએસ/૦૮-૦૯/૧૨૫૬ તા ૨૦.૫.૦૮

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે,સરકારશ્રીના સામાજીક ન્યાય અને અધિકારતા વિભાગના તા ૧.૪.૦૮ના ઠરાવ નં પરચ/૧૦૨૦૦૬/૧૯૮૩/છ થી ઇન્દીરા ગાંધી નેશનલ ઓલ્ડએઇજ પેન્શન સ્કીમ હેઠળ-૬૫ વર્ષથી વધુ વયના ગરીબી રેખા હેઠળ જીવીત વૃધ્ધ વ્યકિતઓને લાભ આપવા તા ૧.૪.૦૮થી નકકી કરવામા આવેલ છે. અને તે મુજબ રાજયમાં નિરાધાર વૃધ્ધ સહાય યોજનાનો લાભ આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ લેવા અભણ વ્યકિતઓ માટે ઉંમરના પુરાવા માટે સીવીલ સર્જનનો દાખલો રજુ અધિકૃત કરવામાં આવેલ છે.રાજયમાં અમુક જીલ્લાઓમાં ખાસ કરીને અંતરીયાળ ગામડાના વૃધ્ધ લોકોને જીલ્લા મથકે પહોચવા માટે અંતરની દ્રષ્ટીએ વધુ સમય તેમજ નાણાંની પણ મુશ્કેલી પડે તેમ છે.

આથી આ યોજનાનો લાભ મેળવવા ઉંમરના દાખલો લેવા માટે જીલ્લા મથકે જવુ ના પડે અને આવી વ્યકિઓ સહેલાઇથી નજીકના સ્થળેથી ઉંમરનો દાખલો મેળવી શકે તે હેતુથી આપના તાબા હેઠળના જીલ્લામાં આવેલ સામુહીક આરોગ્ય કેન્દ્ર જયાં અધિક્ષકની નિયમીત ધોરણે જગ્યા ભરેલી હોય ત્યાંના અધિક્ષકને આ યોજના પુરતો ઉંમરનો દાખલો હોસ્પીટલ કક્ષાએ અધિક્ષક અને બે સીનીયર મેડીકલ ઓફીસરની કમીટી રચીને તેના ધ્વારા આપવા માટે આથી અધિકૃત કરવામાં આવે છે. સદરહુ પરિપત્રથી સબંધિત સામુહીક આરોગ્ય કેન્દ્રોના અધિક્ષકશ્રીઓ ને વાકેફ કરવા વિનંતી છે.

કમિશ્નર,
આરોગ્ય,તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ,(તબીબી વિભાગ)
ગાંધીનગર

પ્રતિ,
**વિભાગીય નાયબ નિયામકશ્રી**,આરોગ્ય અને તબીબી સેવાઓ,અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, ,રાજકોટ, સુરત,ભાવનગર
અધિક નિયામકશ્રી, આરોગ્ય સેવાઓ(રૂરલ) મજકૂર કચેરી

**નકલ સવિનય રવાના**-નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,ડો.જીવરાજ મહેતા ભવન,બ્લોક નં-૧૬,ગાંધીનગરને તેમના પત્ર નં સસુખા/ નવપ/આઇજીએનઓએપીએસ/૦૮-૦૯/૧૨૬૫ તા ૨૦.૫.૦૮